## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... નાહકની મહેનત કરો છો...
અમે આઝાદી પહેલાથી જ કેશલેસ જ છીએ...!!

# ડભોડા પોલીસે ફિરોજપુર ગામમાંથી ચાર શકુનિઓ પકડયા

ગાંધીનગર, તા.૨૨

ડભોડા પોલીસે બે દિવસમાં બે સ્થળ ઉપર દરોડા પાડી આઠ શકુનિઓને પકડી પાડયા હતા. ગઈકાલે રતનપુર ગામમાં દરોડો પાડીને ચાર શખ્સો પકડયા હતા. તે ઉપરાંત ડભોડા પોલીસે ફિરોજપુર ગામમાં પણ દરોડો પાડયો હતો ત્યાંથી ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ચાર શખ્સોને રોકડ રૂ.૧૭૪૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ચારેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પી.એસ.આઈ હિરેન દેસાઈની સૂચનાથી તેમની ટીમ શ્રાવણીયા જુગાર પર ખાસ વોચ રાખી રહી છે ત્યારે ગઈ કાલે રતનપુર ગામમાં દરોડો પાડી ચાર શકુનિઓ પકડયા બાદ બીજી બાતમી મળી હતી કે ફિરોજપુર ગામમાં પણ ચાર શખ્સો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પી.એસ.આઈ હિરેન દેસાઈ તથા તેમની ટીમના હેડ કોન્સ્ટેબલ વિપુલકુમાર તથા કોન્સ્ટેબલ કિરણકુમાર, શક્તિસિંહ, મહોબતસિંહ અને જીતેન્દ્રકુમારે મળીને બાતમી વાળા સ્થળે ફિરોજપુર ગામમાં દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે કોર્ડન કરીને ચારેય જુગારીઓને દબોચી લીધા હતા. ફિરોજપુર ગામના પંકજ ગાભા જાદવ, અમૃત મણા જાદવ, અમરત કાંતિજવી જાદવ અને મફા રામા જાદવ મળીને ચારેય શખ્સોને રોકડ રૂપિયા ૧૭૪૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## એફએસએલના પ્રધાનમંત્રીના કાર્યક્રમને આખરી ઓપ અપાયો

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૨૩મી ઓગષ્ટના રોજ સાંજના ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટીના ચોથા પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહેશે. આ સંદર્ભે ગૃહ રાજય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ સંદર્ભે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટીની મુલાકાત લઈને કાયદો – વ્યવસ્થા, સભા મંડપ, મુખ્ય સ્ટેજ સહિતની વ્યવસ્થાનું નિરીક્ષણ કરી વિવિધ માહિતી મેળવી હતી. આ પ્રસંગે રાજયના પોલીસ મહાનિર્દેશક શ્રી શિવાનંદ ઝા, ગાંધીનગર રેન્જ આઈ.જી. શ્રી મયંકસિંહ ચાવડા, જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા, જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડા, વરિષ્ઠ પોલીસ અધિકારીશ્રીઓ અને ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સે-૭ શાકભાજી માર્કેટ યથાવત સ્થાને આવી ગયું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સે-૭ શાકભાજી માર્કેટ ખાતે આરસીસીની કામગીરી ચાલી રહી હતી. જેને પગલે તંત્ર દ્વારા શાકમાર્કેટને પટેલ વાડીની સામેની બાજુએ ખસેડવામાં આવ્યું હતું. પરંતુ શાકમાર્કેટ ખાતે પ્લાસ્ટર તેમજ લાઈટની વ્યવસ્થા થઈ ગઈ હોવાથી ફરીવાર શાકમાર્કેટમાં પોતાના સ્થળે વેપારીઓ લારીઓ લઈને ગોઠવાઈ ગયા છે. ગ્રાહકોને પણ શાકમાર્કેટ યથાવત સ્થાને આવી જતા સાનુકુળતા જળવાઈ રહી છે. જયારે શાકમાર્કેટ સુવિધાસભર બનતા વેપારીઓમાં પણ આનંદની લાગણી પ્રસરી છે.

ગાંધીનગર શહેરમાં માત્ર ૩ શાકરમાર્કેટ છે. જેમાં સેકટર-૨૧, ૨૪ અને સેકટર-૭ નો સમાવેશ થાય છે. ત્યારે ન્યું ગાંધીનગર અને નવા સેકટરના વસાહતીઓ મોટાભાગે સેકટર-૭માંથી શાકની ખરીદી કરતા હોય છે. જેથી શાકમાર્કેટ ખાતે હજ્જારો નાગરીકોની અવરજવર રહેલી હોય છે. સેકટર-૭ માં કાયમી શાકમાર્કેટ ભરાતુ હોવાથી નાગરીકો ગમે તે સ્થળે વાહન પાર્ક કરીને સરળતાથી શાકભાજીની ખરીદી કરી શકતા હતા. પરંતુ શાકમાર્કેટને સુવિધાયુક્ત બનાવવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવતા શાકમાર્કેટ એક માસ જેટલો સમય ખસેડવાની ફરજ પડી હતી. પટેલ વાડીની સામેની બાજુએ શાકમાર્કેટ ભરાતુ હતું. જેમાં વેપારીઓ લારીઓ લઈને ગોઠવાઈ ગયા હતા. કામચલાઉ શાકમાર્કેટમાં પાર્કીંગનો સૌથી મોટો પ્રશ્ન હતો. માર્ગ પર વાહનો સતત આવન જાવન કરતા હોવાથી ગ્રાહકો અને વેપારીઓને પરેશાની વેઠવી પડતી હતી. માર્ગ વચ્ચે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાતા હતા. પરંતુ શાકમાર્કેટનું નવીનીકરણનું કામ પૂર્ણ થઈ જતા અને સુવિધાયુકત શાકમાર્કેટ નિર્માણ પામતા વેપારીઓ પોતાની જગ્યા પર પાછા ફર્યા છે. જો કે પ્લાસ્ટર અને લાઈટ સાથેની સુવિધાથી વેપારીઓમાં આનંદ પ્રસરી જવા પામ્યો છે. ચોમાસામાં પણ નગરજનોને ગંદકી કે કાદવ-કિચડનો ભય સતાવશે નહી અને શાંતિથી શાકભાજીની ખરીદી કરી શકશે.

## જણસારી સમાજ દ્વારા વડીલ વંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના સમસ્ત જણસારી, જનક્ષત્રિય, મોચી સમાજના ૭૫ વર્ષથી વધુ વયના વડીલોનું સન્માન તાજેતરમાં જુના સચિવાલય કેન્ટીન ખાતે કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે વડીલોના હસ્તો સમાજના બાળકોને ફુલસ્કેપ ચોપડા અને અભ્યાસકીય કીટ વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.




## ચિલોડા-ડભોડા માર્ગ પર ટેન્કર ખાડામાં પડ્યું

ચિલોડા-ડભોડા માર્ગ પરથી પસાર થઈ રહેલા ટેન્કરના ચાલકે અચાનક સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા ટેન્કર માર્ગની બાજુમાં આવેલા ખાડામાં ખાબક્યું હતું. આ અકસ્માત સર્જાતા આસપાસમાંથી પસાર થઈ રહેલા નાગરીકો તેમજ વાહન ચાલકો એકઠા થઈ ગયા હતા.

## વાતવાતમાં

● આરોગ્ય વિભાગ દ્વારા ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનને વધુ સઘન બનાવવા કમર કસી છે. આ અંતર્ગત ઈદના પર્વને અનુલક્ષીને ગાંધીનગરના તમામ તાલુકાના મુસ્લિમ વસ્તી ધરાવતા વિસ્તારોમાં 'ઈદમુબારક' સંદેશ સાથે ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનના પ્રચારના બેનર્સ લગાડવામાં આવ્યા છે.

# ગાંધીનગરના ફોટોગ્રાફર નિકુંજ વૈશ્યકનું ચાર વર્ષમાં પાંચમું ફોટોગ્રાફી પ્રદર્શન યોજાશે

### અમદાવાદના રવિશંકર રાવળ કલા ભવન ખાતે આયોજિત 'હેરિટેજ ગુજરાત' પ્રદર્શનમાં રાજ્યના ઐતિહાસિક સ્થળોના ફોટોગ્રાફ્સ મુકાશે

ગાંધીનગરના જાણીતા ફોટોગ્રાફર નલિનીકાન્ત પી. વૈશ્યક ઉર્ફે નિકુંજ વૈશ્યક દ્વારા છેલ્લાં ૨ વર્ષમાં કરવામાં આવેલ રાજયના ૧૧ જિલ્લાઓના ઐતિહાસિક સ્થળોની ફોટોગ્રાફીના પરિપાકરૂપે પાંચમુ વૈયક્તિક પ્રદર્શન યોજવામાં આવ્યું છે. રાજ્યની લલિતકલા અકાદમીના સહયોગથી આયોજિત આ પ્રદર્શન તેમના ઓક્ટોમ્બર માસમાં રાજસ્થાનના ઉદેપુર ખાતે યોજાનાર ત્રિદિવસીય પ્રદર્શનનું પ્રિવ્યુ પ્રદર્શન છે જે ૨૫મી ઓગષ્ટે અમદાવાદના રવિશંકર રાવળ કલાભવન ખાતે સાંજે ૪ કલાકે સ્ટેમ્પ્સ અને નોંધણી વિભાગના નિરિક્ષક દિનેશ પટેલના હસ્તે ખુલ્લુ મુકાશે. આ પ્રદર્શન તા. ૨૭મી ઓગષ્ટ સુધી ચાલશે.

ગુજરાતના ૧૧ જિલ્લાના હેરિટેઝ સ્થળોને ૨ વર્ષની મહેનત થકી ૪૫ ફોટોગ્રાફ્સ દ્વારા નિકુંજ વૈશ્યક 'હેરિટેજ ગુજરાત' પ્રદર્શનથી રજૂ કરવામાં આવશે. વનમેન શૉની જેમ સતત ૪ વર્ષમાં નિકુંજ વૈશ્યકનું આ પાંચમું ફોટોગ્રાફી પ્રદર્શન છે. ગાંધીનગરના સેક્ટર-૩-ન્યુ ખાતે રહેતા અને સ્ટેમ્પ્સ એન્ડ નોંધણી વિભાગમાં કાર્યરત નિકુંજ વૈશ્યક દ્વારા



'હેરિટેઝ ગુજરાત' પ્રદર્શનમાં ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાવાગઢ, મોરબી, કચ્છ, અરવલ્લી, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને ખેડા વગેરેના ઐતિહાસિક બાંધકામોને આવરી લેવામાં આવ્યાં છે. જેમાં પથ્થરની બારિક શિલ્પકારીથી માંડીને કાષ્ઠ કલાના કોતરણી કામનો પણ સમાવેશ થાય છે. અમદાવાદને હેરિટેઝસીટીના દરજ્જો મળ્યો હોવાથી તેના પર પ્રદર્શનમાં વધુ ભાર મુકાયો છે અને કાલુપુર ટંકશાળાની હવેલી, ખાડિયાના મકાનો, ભદ્રનો કિલ્લો, જુમ્મા મસ્જિદ, સરખેજનો રોજો, દાદા હરિની વાવ સિદી સૈયદની જાળી વગેરેનો સમાવેશ કરાયો છે. ગાંધીનગર જિલ્લાની ઐતિહાસીક અડાલજ વાવના નયનરમ્ય ફોટોગ્રાફ પણ તેમના પ્રદર્શનમાં સામેલ છે.


ગુજરાત સરકાર

ગ્રામ વિકાસ થકી સર્વાંગી વિકાસ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજનાર કાર્યક્રમ



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રૂા.૧૭૨૭ કરોડના ખર્ચે ૧,૧૫,૫૫૧ આવાસોના લાભાર્થીઓનો સામૂહિક e-ગૃહપ્રવેશ

મુખ્યમંત્રી ગ્રામોદય યોજના હેઠળ ૫૦૦૦ મહિલાઓના ઉદ્યોગ સાથે જોડાણનો સમારોહ

દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના તેમજ મુખ્યમંત્રી ગ્રામોદય યોજનાના તાલીમાર્થીઓને કૌશલ્ય પ્રમાણપત્ર તથા નિમણૂંક પત્ર વિતરણ



તારીખ : ૨૩-૦૮-૨૦૧૮, ગુરૂવાર, સમય : સવારે ૧૦:૩૦ કલાકે, સ્થળ : જુજવા ગામ, તાલુકો/જિલ્લો : વલસાડ

સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ BISAGની વંદે ગુજરાત ચેનલ નં. ૧ પર પ્રસારિત થશે

"ગુજરાતના નાગરિકોની સુવિધા માટે કટિબદ્ધ છે ગુજરાત સરકાર" - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

GSWMA

નિમંત્રક
મોના ખંધાર, IAS
સચિવ અને કમિશનર, ગ્રામ વિકાસ

www.ruraldev.gujarat.gov.in
GujaratRuralDevelopment